બૉલીવુડ ફિલ્મ ફાલુદાના સ્ટારકાસ્ટ એ અમદાવાદની મુલાકાત લીધી

અમદાવાદ, આજે જયારે અવનવા ટાઈટલ વાળી ફિલ્મો આવી રહી છે ત્યારે એવાજ એક અનોખા ટાઈટલ વાળી બૉલીવુડ ફિલ્મ ફાલુદા ના સ્ટારકાસ્ટ એ અમદાવાદ ની મુલાકાત લીધી હતી અને ડિરેક્ટર ધીરજ સિંઘ,અભિનેતા આરવ નેગી, અભિનેત્રી ગુંજ ચાંદ અને પિહુ શર્મા શહેર ના મેહમાન બન્યા હતા. ફાલુદા ફિલ્મ ૧૮ મેં ના ભારત માં રજુ થશે.

ફિલ્મ માં અજય જે એક ડિલિવરી બોય ની નોકરી કરે છે અને બે પત્નીઓ સાથે ખુશી જીવન જીવતો હોય છે. શીતલ જે અંધેરી માં રહે છે અને રિયા જે ગોરેગાંવ માં રહે છે. એક્સીડેન્ટ થયા પેહલા તેનું જીવન ખુબજ સરસ ચાલતું હોય છે અને તે ઈન્સ્પેક્ટર કે.કે. સિંઘ ની આંખો માં ચઢી જાય છે અને ઈન્સ્પેક્ટર તેને અન્ડરવલર્ડ નો માણસ સમજી લે છે.એને બીક હોય છે કે જો એ પકડાઈ જશે તો તેના બે લગ્ન ની હકીકત લોકો ને ખબર પડી જશે. અજય તેના ખાસ મિત્ર પપ્પુ સાથે અંધેરી થી ગોરેગાંવ વચ્ચે ફરતો રહે છે અને કોમેડી સિક્વન્સિસ શરુ થાય છે. શું થશે અજય સાથે? શું તેની બંને પત્નીઓ ને ખબર પડશે કે તેમના પતિ ને બે પત્નીઓ છે? આ બધું જાણવા માટે જરૂર થી તમારા નજીક ના સિનેમાઘર માં જઈને નિહાળજો બૉલીવુડ ફિલ્મ ફાલુદા. (૧૩-૯)

એનટીપીસીએ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૨૬૮ બિલિયન યુનિટ વિદ્યુત ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું

ભારતની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદન કંપની એનટીપીસીએ વિદ્યુત મંત્રાલય સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ(એમઓયૂ) સાઈન કર્યાં. એમઓયૂ અનુસાર વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૨૬૮ બિલિયન યુનિટ વિદ્યુત ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું છે.

૩ મે ૨૦૧૮ ના રોજ એનટીપીસી તથા ભારત સરકારના વિદ્યુત મંત્રાલય વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ(એમઓયૂ) સાઈન કરવામાં આવ્યાં.

એનટીપીસીના વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૨૬૮ બિલિયન યુનિટ વિદ્યુત ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું છે. પ્રચાલનમાંથી મહેસૂલ રૂપિયા ૮૫,૫૦૦ કરોડનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. ૨૦૧૮-૧૯ માટે થયેલાં મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગમાં ફાઈનાન્સિયલ પર્ફોર્મન્સ, ઓપરેશનલ એફિસિયન્સીમાં સુધારો, કેપિટલ એક્સપેન્ડિચર, પ્રોજેક્ટ મોનિટરિંગ, ટેકનોલોજી અપગ્રેડેશન અને એચઆર મેનેજમેન્ટનો પણ સમાવેશ થાય છે. (૧૯-૧૦)

અમદાવાદ ખાતે ગુજરાતની પ્રથમ અધિકૃત ૫૬ ભોગ પીરસતી રેસ્ટોરેન્ટની શરૂઆત

અમદાવાદ, ભગવાન ની સામે ૫૬ ભોગ રજુ કરવામાં આવે છે અને ગ્રાહક પણ ભગવાન નું બીજું રૂપ છે આ વાત ને સાર્થક કરવા અમદાવાદ ખાતે ગુજરાત ની પ્રથમ અધિકૃત ૫૬ ભોગ પીરસતી રેસ્ટોરેન્ટ ની શરૂઆત કરવામાં આવી છે જેમાં લોકો ને અનેક ભારતીય ખાણી પીણી ની વસ્તુઓ મળી રહેશે. જેમાં રાજસ્થાની, કાઠિયાવાડી,પંજાબી, ગુજરાતી જેવા અનેક પ્રકાર ની વાનગીઓ મળી રહેશે. શાયર રેસ્ટોરેન્ટ ધ ૫૬ ભોગ સાઈન્સ સિટી રોડ પર આવેલ છે.

શાયર રેસ્ટોરેન્ટ ધ ૫૬ ભોગ ના માલિક અમરસિંઘ ચરણ એ જણાવ્યું કે "અમે આ રેસ્ટોરેન્ટ ની શરૂઆત કરતા પેહલા ઘણી જગ્યા એ ફર્યા છીએ પરંતુ અમને આ કેહતા ખુબજ આનંદ અનુભવાય છે કે અમે ગુજરાત ની પ્રથમ એવી રેસ્ટોરેન્ટ છીએ કે જે તેના ગ્રાહકો ને અધિકૃત ૫૬ ભોગ પીરસ્સે.અમારી જોડે જુદા જુદા પ્રકાર ની રસોઈ ને અનુરૂપ તે જગ્યા ના નિષ્ણાંત રસોઈયાઓ ની ટિમ છે જેથી અહીં આવનાર દરેક ને યોગ્ય સ્વાદ મળી રહેશે અને અમે ખાતરી આપીએ છીએ કે અહીં બનેલ દરેક વાનગી સ્વાદ ની દ્રષ્ટિ એ પૂરતું ન્યાય આપતી હશે.''

વધુ માં તેમને જણાવ્યું કે ભગવાનને ભોગ લગાવા માટે ભક્ત ૫૬ ભોગ ચઢાવે છે. ૫૬ ભોગ લગાવાના પાછળ કથા છે. કહેવાય છે કે ઈંદ્રના પ્રકોપથી બધા બ્રજવાસીને બચાવા માટે તેને ગોવર્ધન પર્વત ઉઠાવી લીધું હતું. આવું કરવા માટે તેને સાર દિવસ સુધી અન્ન-જળ ગ્રહણ કર્યું નોહતું. ભગવાન શ્રીકૃષ્ણ દરરોજ ભોજનમાં આઠ રીતના વસ્તુઓ ખાતા હતા. પણ સાત દિવસથી તેને કઈક ન ખાદ્યું હતું. તેથી સાત દિવસ પછી ગામના દરેક નિવાસે તેમના માટે ૫૬ રીતના પકવાન બનાવીને લાવ્યા હતા ત્યારથી ભગવાન ને ૫૬ ભોગ પીરસાય છે. ૧૩-૯)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.

આઈએસએચ ઈન્ટરનેશનલ રજુ કરે છે કૂલસૅનસ – પેઈન નમબિંગ એપલીકેટર

અમદાવાદ, જે લોકોને વારંવાર ઈન્સ્યુલિનના ઈન્જેકશનની જરૂર હોય, બાળકો જેઓ ઈનોક્યુલેશન્સની બેટરીમાં જાય છે અથવા ડ્રૉપ્સ પર હોય છે - અહીં એમના માટે એક નવીનતા છે જે સ્ટિંગ ઈન્જેક્શન્સ લે છે.

તે એક સામાન્ય ભય છે, જે ટ્રીએનોફોબિયા તરીકે ઓળખાય છે. ભારતની વસ્તીના લગભગ ૧૦ ટકા લોકો તેના ડરથી પીડાય છે. ઈન્જેક્શન માટે ડોકટરો પાસે જવાના વિચારથી ડરાવવાની ઊંડી સમજણનો સમાવેશ થાય છે. ઘણા ડૉક્ટરની શસ્ત્રક્રિયાને એકસાથે ટાળે છે, પોતાની જાતને વિવિધ બીમારીઓ અને ચેપના જોખમ માટે ખુલ્લા રાખે છે. પરંતુ સોયની ડરાવનાર માટે, સંશોધકોની ટીમ પાસે જવાબ છે. તેઓ ઈન્જેક્શનની પીડાને સરળ બનાવવા માટે, એક નવું ઉપકરણ વિકસાવ્યું છે.

દર્દીના ચામડીને ઠંડો કરવા માટે ઝડપી રાસાયણિક પ્રતિક્રિયા ઉત્પન્ન કરીને તેમના શોધને જાબ પહેલાંની ચામડીનો અંશ મળે છે.

દાયકાઓ સુધી, રેખાંકનનું નિરૂપણ થવું એ હેલ્થકેર પ્રોફેશનલ છે જે લાંબા સમય સુધી એક સોયમાં સોયને દાખલ કરે છે અથવા આંગળીનામાં લાન્સ રહિ જાય છે - જે બંને કઠોર અને પીડાદાયક છે ઇ-કૂલસૅનસ સાથે, લોકો વર્ચ્યુઅલ પીડારહિત અને સરળ પ્રક્રિયા અનુભવી શકે છે.

ઈ-કૂલસૅનસ એ પેઈન ન્યુમ્બિંગ એપ્લીકેશન ડિવાઈસ છે જે પેરેન્ટ કંપની કૂલસૅનસ. ષ્ક્રિર્અએલ.ટી.ડી દ્વારા વિસ્તૃત આરએન્ડડીના વિકસિત સમય પછી છે. એક ક્રાંતિકારી, સરળ, હેન્ડ-હેલ્ડ ડિવાઈસ, તે કોઈ રસાયણો અને ઈફેક્ટ્સ બાદ કોઈ ક્રેયો સિસ્ટમ દ્વારા ઈન્જેક્શનની સાઈટને એનેસ્થેટીસ કરે છે. (૧૯-૮)

દીપક ફાઉન્ડેશનને ૧૫મો એફજીઆઈ એવોર્ડ્સ પ્રાપ્ત થયો

અમદાવાદ, દીપક નાઈટ્રાઈટ લિ.ની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી (સીએસઆર) પ્રવૃતિઓ માટે કાર્યરત તેની શાખા દીપક ફાઉન્ડેશનને ૧૫મો ફેડરેશન ઓફ ગુજરાતી ઈન્ડસ્ટ્રીઝ (એફજીઆઈ) એવોર્ડ દ્વારા એફજીઆઈ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ એવોર્ડ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી મેનકા ગાંધી દ્વારા, વડોદરા ખાતે સૂર્યા પેલેસમાં ૧૪ એપ્રિલ, ૨૦૧૮ના રોજ આયોજિત સમારંભમાં એનાયત કરાયો હતો. એવોર્ડ સમારંભમાં વિવિધ સોશિયલ અને કોર્પોરેટ સેક્ટર્સના અગ્રણી બિઝનેસ પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા.

દીપક ફાઉન્ડેશનના ડિરેક્ટર અર્ચના જોશીએ કહ્યું હતું, 'અમારા સીએસઆર લક્ષ્યો સરકારના યુનિવર્સલ હેલ્થ કવરેજને આવરી લેતા લક્ષ્યો સાથે જોડાયેલા છે અને સાથે ગરીબ અને પછાત સમુદાયોમાં હેલ્થકેર માટેનો ખર્ચ ઘટાડવાનું લક્ષ્ય પણ રહેલું છે.'

દીપક નાઈટ્રાઈટ લિ.એ દીપક ફાઉન્ડેશન દ્વારા સીએસઆર પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે જેના દ્વારા ૧૦,૦૦,૦૦૦ લોકોને નિઃશૂલ્ક, ક્વોલિટી, માતૃત્વ સંબંધિત અને બાળસંભાળ અંગેની સેવાઓ પૂરી પાડવાંમાં આવે છે, જેમાં સમાજના હાંસિયામાં રહેલા વર્ગોના ૨૬૦૦૦ નાગરિકોને ઘરે ઘરે મેડિકલ સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, તેના દ્વારા ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં તાલીમ કાર્યક્રમો દ્વારા ૧૧૫૦૦ મહિલાઓના સશક્તિકરણની પ્રવૃતિઓ પણ કરવામાં આવી છે અને સાતે ૧૫૦૦૦ બાળકોના પોષણ અંગે પણ દેખરેખ રાખવામાં આવે છે. સમગ્રપણે ૨ મિલિયનથી વધુ લોકોને દીપક ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાયેલી પ્રવૃતિઓ દ્વારા લાભ પ્રાપ્ત થયો છે. (૧૯-૧૦)

સમરમાં એર કંડિશનર્સની ઈન્ટેક્સની નવી શ્રેણી લોન્ચ કરવામાં આવી

અમદાવાદ, એર પ્યુરિફિકેશન અને પર્યાવરણ પર એકાગ્રતા સાથે અગ્રણી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ કંપની ઈન્ટેક્સ ટેકનોલોજીઝ દ્વારા આજે એર કંડિશનર્સની નવી રેન્જ લોન્ચ કરવામાં આવી હતી, જે ગ્રાહકોને પર્યાવરણ અનુકૂળ રેફ્રિજરન્ટ્સ R410a અને ઇ૩૨ના ઉપયોગ સાથે હેલ્થી કૂલિંગ આપે છે.

ગયા વર્ષે અમે એર કંડિશનર્સમાં પ્રવેશ કર્યો ત્યારથી બજારમાં ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે અને આ વર્ષે ઈન્ટેક્સે ગ્રાહકોને હેલ્થી કૂલિંગ અનુભવ આપવા માટે એર પ્યુરિફિકેશન અને પર્યાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે વિવિધ પ્રકાર રજૂ કર્યાં છે. ગ્રાહકલક્ષી અભિગમ ધરાવવા સાથે આ પર્યાવરણ અનુકૂળ રેન્જ એનર્જી એફિશિયન્ટ અને ઈફેક્ટિવ હોવા ઉપરાંત સ્ટાઈલ અને એસ્થેટિક્સમાં પણ ઉચ્ચ છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં એર કંડિશનર્સ બહુ ઓછી પહોંચાયેલી શ્રેણી છે અને ઈન્ટેક્સ ટિયર ૨ અને ૩ શહેરોમાં સ્થાપિત બ્રાન્ડ હોઈ નિશ્ચિત જ તેની પર્યાવરણ અનુકૂળ એફોર્ડેબલ રેન્જ સાથે છાપ છોડશે, એમ ઈન્ટેક્સ ટેકનોલોજીઝના ડાયરેક્ટર નિધિ માર્કેડેયે જણાવ્યું હતું.

આ પર્યાવરણ અનુકૂળ એર કંડિશનર્સ ત્રણ શ્રેણીમાં ૧૪ મોડેલમાં આવે છે, જેમાં ઈન્ટેક્સ ઈન્વર્ટર સ્પ્લિટ એસી, ઈન્ટેક્સ ફિક્સ્ડ સ્પ્લિટ એસી અને ઈન્ટેક્સ વિંડો એસીનો સમાવેશ થાય છે. એફિશિયન્ટ, ઈફેક્ટિવ અને ઈકોનોમિકલ રેન્જ રૂ. ૧૯,૦૦૦થી રૂ. ૩૫,૦૦૦ની એફોર્ડેબલ કિંમતે મળશે. (૧૯-૧૦)

જૂનાગઢના ગલીયાવાડના ખેડૂતે સોશ્યલ મીડિયાને માર્કેટનું પ્લેટફોમ બનાવીને ખેતીની આવક ત્રણ ગણી કરી

જૂનાગઢ, ખેતીને એક વેપારની દષ્ટીએ કરી સોશ્યલ મીડિયાને માર્કેટનું પ્લેટફોમ બનાવીને જૂનાગઢ નજીકના ગલીયાવાડના ખેડૂતે તેની ખેતીની આવક ત્રણ ગણી કરી છે. જૂનાગઢમાં પાંચ વર્ષથી દવા વગરનું શાકભાજી ઘરે ઘરે વેંચવા જતા ગલીયાવાડના ખેડુત શ્રી રસીકભાઇ દોંગાએ સોશ્યલ મીડિયાના તમામ ટુલ્સનો ઉપયોગ કરી હવે મોબાઇલ પરથી જ ગ્રાહકો બનાવી ગુણવતાના આધારે ખેત પેદાશની ઉંચામાં ઉંચી કિમત મેળવી છે. જૂનાગઢ નજીક ગલીયાવાડમાં રહેતા શ્રી રસીકભાઇ દોંગા તેમની ૩૫ વીઘા જમીનમાં સંપુર્ણ સજીવ (ઓર્ગેનિક) ખેતી કરે છે. ઘરે એક ગાય રાખે છે અને તેના આધારે ગૌ મુત્ર- અને ગોબરમાંથી જીવામૃત દવા બનાવી શાકભાજીથી માંડીને ઘઉં,તલ અનેચણાનું ઉત્પાદન ખેતી ખર્ચ ઝીરો સુધી લઇને કરે છે. ઓર્ગેનિક ખેતીમાં માર્કેટ મળવાનો પ્રશ્ન હોય છે, પરંતુ રસીકભાઇએ સોશીયલ મીડીયાનો સદઉપયોગ કરીને તેમની ખેત પેદાશના ગ્રાહકો મોબાઇલ પર જ બનાવી દીધા છે. ગુગલ મેપ, ટવીટર, ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, ઇમેઇલ,લીકડીન,વોટસએપ સહિત તમામ ટુલ્સની તેમણે જાણકારી મેળવી તેના આધારે ખેતી પાક, તેની વિશેષતા, ખાત્રી અંગેના સર્ટી, ભાવ અને વેંચાણ અંગેનો કોન્ટ્રાકટ કરી નાંખે છે. સોશિયલ મીડીયા પર ફોટા મુકી, ફેસબુક પર ગ્રાહકની તમામ જરૂરીયાત, તેની ખાત્રી અને પુષ્ટી આપી બનેલા ગ્રાહકોનું ગૃપ બનાવી બુકિંગ થતું હોવાથી પ્રગતિશીલ રસીકભાઇ છેલ્લા બે વર્ષથી તેની કોઇ પણ ખેત પેદાશને વેંચવા માર્કેટયાર્ડમાં ગયા નથી. આધુનિક ખેતી કરી પ્રગતિ કરનારા શ્રી રસીકભાઇ કહે છે કે ૧૯૯૭થી હું ખેતી કરતો હતો. પરંતુ મોંઘી પેસ્ટીસાઇડ દવાના કારણે ઉત્પાદન ખર્ચ વધી જતો હતો. પાંચ વર્ષ પહેલા શ્રી સુભાષ પાલેકરની ગાય આધારિત ઝીરો બજેટ ખેતી વિશે જાણી અને લોકોને ઓર્ગેનીક શાકભાજી, શુધ્ધ અનાજ આપવામાં આવે તો તે વધારે ભાવ આપવા તૈયાર છે તેનો ખ્યાલ આવતા ઓર્ગેનિક ખેતી શરૂ કરી હતી. વડાપ્રધાનશ્રી દ્વારા ખેતીની આવક બમણી કરવા ઇનામ, ઇ-માર્કેટ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવા અનુરોધ કરતા આ વિશે અધિકારીઓ પાસે જાણીને તેમજ સોશિયલ મીડિયાના તમામ ટુલ્સનો ઉપયોગ કરીને વચેટીયાના બદલે ગ્રાહક સાથે સીધું જોડાણ કરતા આજે તેમની આવક ત્રણ ગણી થઇ છે તેમ તેમણે જણાવ્યું હતું.ખેડૂતની સાથે તેમના પત્ની ચંદ્રીકાબેન ખેતીમાં મદદ કરે છે. પ્રગતિશીલ ખેડૂત પતી-પત્નીએ ચાલુ વર્ષે ઘઉં રૂ.૬૫૦ના ભાવે વેંચ્યા છે. હવે તેઓએ યુ.એસ.ડી.એસ. પ્રમાણપત્ર મુંબઇ ખાતે લેબોરેટીરીમાં ટેસ્ટ કરાવીને તેની ખેત પેદાશમાં દવાની અસર ન હોવા અંગેની ખાત્રી મેળવી લઇને આવતા વર્ષ માટે રૂ.૮૦૦ ભાવે ઓર્ગેનિક ઘઉંનું બુકિંગ પણ કરી લીધું છે.

અમરનાથ સિક્યોરિટીસ લીમીટેડ

CIN: L67120GJ1994PLC023254

રજીસ્ટર્ડ ઓફીસ: ૧/ ૧૦૪, સાર્થક, સી.ટી. સેન્ટર સામે, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ, અમદાવાદ ગુજરાત-૩૮૦૦૦૯

ઈ-મેઈલ : amarnathsecurities@gmail.com

નોટીસ

આથી સેક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇંડિયા (લિસ્ટીંગ ઓબલીગેશનસ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન, ૨૦૧૫ ની કલમ ૨૯ હેઠળ નોટીસ આપવામાં આવે છે કે કંપનીના ૩૧મીમાર્ચ ૨૦૧૮ના રોજ પુરા થતા ત્રૈમાસિકના અંતે અનઓડિટેડ ફાઈનાન્સીયલ રિઝલ્ટને ધ્યાન પર લેવા અને મંજૂરી આપવામાં માટે સોમવાર ૧૪ મે, ૨૦૧૮એ બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટીંગ મળનાર છે.

ઉપરોક્ત બાબતે અમે તમને જાણકારી આપીએ છીએ કે સેબી (પ્રોહીબિશન ઓફ ઇન્સાઇડર ટ્રેડીંગ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અને કંપની કોડ ઓફ કન્ડક્ટ મુજબ ટ્રેડીંગ વિન્ડો ૦૭ મે, ૨૦૧૮ થી ૧૬ મે, ૨૦૧૮ (બન્ને દિવસો સાથે) બંધ રહેશે.

આ નોટીસની જાણકારી કંપની ની વેબસાઇટ www.amarnathsecurities.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com પર ઉપલબ્ધ રહેશે.

અમરનાથ સિક્યોરિટીસ લીમીટેડ વતી
સહી/-
અર્પણા અકાડકર
કંપની સેક્રેટરી

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૫ મે, ૨૦૧૮

ઉમીયા ટયુબ લિમિટેડ

(CIN :L28112GJ2013PLC074916)

રજીસ્ટર્ડ ઓફીસ : ૨૦૮, ૨જો માળ, સુમન ટાવર,
સેક્ટર નં.૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ (ગુજરાત)
ફોન નં.૦૭૯ - ૨૩૨૪૨૦૫૨ ઈ-મેલ આઈડી:info@umiyatubes.com
Website: www.umiyatubes.com

પોસ્ટલ બેલેટ કમ ઈ-વોટીંગની નોટિસ

કંપની એક્ટ ૨૦૧૩ની ધારા ૧૧૦અને તેની સાથે નિયમ ૨૨ વાંચતા (મેનેજમેન્ટ એન્ડ એડમિનીસ્ટ્રેશન)ના નિયમ ૨૦૧૪, સેબીના સરકયુલર અને સેબીના નિયમ મુજબ જે અસર કર્તા હોય તે મુજબ પોસ્ટલ **બેલેટ ફોર્મ** અને પોતાના સરનામા વાળું પોસ્ટલ સ્ટેમ્પ પેઈડ એનવેલોપ જેમાં સભ્યોની મંજુરી પોસ્ટલ બેલેટ મારફતે જોઈએ છે. કે ખાસ અને સામાન્ય સભામાં જે ખાસ ઠરાવ પસાર થયો હતો તેની માહીતી અહી મોકલેલી નોટીસમાં તમામ મહિતી તા.૮મી મે ૨૦૧૮ અને તે પહેલા દરેક સભ્યોને રજીસ્ટાર પોસ્ટથી રવાના કરી દીધી છે. સેબી-એલઓડીઆર ના નિયમ ૪૪ મુજબ અને સેબીના સરકયુલર અને સેબીના નિયમ મુજબ જે અસર કર્તા હોય તે, કંપની એ નક્કી કર્યુ છે કે ઇ-વોટીંગ સગવડતા આપવાની છે તે ઠરાવની બાબત પોસ્ટલ બેલેટ મારફતે મંજુર કરવાની દરખાસ્ત છે.કંપની એ સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વીસ લીમીટેડ (સીડીએસએલ) ઇ-વોટીંગ ની સગવડ આપવા માટે નિમણુંક કરી છે. પોસ્ટલ બેલેટ અને ઇ-વોટીંગની તમામ સુચનાઓ પોસ્ટલ બેલેટની નોટીસમાં જણાવાયું છે. પોસ્ટલ બેલેટની નોટીસ કંપનીની વેબસાઇટ અને સીડીએસએલની વેબસાઇટ (https://www.evotingindia.com) પર ઉપલબ્ધ છે.

બોર્ડ ઓફ ડાયરેક્ટરે સીએસ મનોજ હુરકટ મેસર્સ મનોજ હુરકટ એન્ડ એસોસીએટસ પ્રકટીસીગ કંપની સેક્રેટરીઝ અમદાવાદની, સ્ક્રુટીનાઇઝર અને સભ્યોને સંપુર્ણ બેલેટ પેપરનું સ્ક્રુટીનાઇઝ અને ઇ-વોટીંગ ફોર્મે અને પારદર્શક રીતે તથા ન્યાયી રીતે પોસ્ટલ બેલેટ અને ઇ-વોટીંગની કાર્યવાહી થાય તે માટે નિમણુંક કરી છે.

પોસ્ટલ બેલેટ અને ઈ-વોટીંગ મારફતે મતદાન તા. ૧૦મી મે ૨૦૧૮ (ગુરૂવાર) સવારે ૯.૦૦ વાગ્યાથી શરૂ થશે. અને તા. ૮મી જૂન ૨૦૧૮ (શુક્રવાર) સાંજના ૫ વાગે પુરૂ થશે. સભ્યો ને વિનંતી છે કે સ્ક્રુટીઝાઇનસ ને સંપૂર્ણ પોસ્ટલ બેલેટ ફોર્મ અથવા ઈ વોટીંગ માટેની કાર્યવાહી સીડીએસએલ ના પોર્ટલ પર **(છેલ્લી તારીખ)** ૮મી જૂન ૨૦૧૮ શુક્રવાર સાંજના ૫ વાગ્યા પહેલા કરવી. નક્કી કરેલી છેલ્લી તારીખ પછી કોઈપણ પોસ્ટલ બેલેટ સભ્ય તરફથી મળશે તે માન્ય ગણાશે નહી મતદાન પોસ્ટ મારફતે કે ઇલેક્ટ્રોનીક્સ મારફતે નક્કી થયેલી તારીખ પછી મળશે તે માન્ય ગણાશે નહીં. જે સભ્યોને પોસ્ટલ બેલેટ ફોર્મ મળ્યું ન હોય તે કંપની સમક્ષ ડુપ્લીકેટ ફોર્મ માટે અરજી કરીને મેળવી શકે છે.

સભ્યો માત્ર મતદાનની એકજ પધ્ધતિનો ઉપયોગ કરી શકશે. દા.ત. રૂબરૂ બેલેટ પેપર મારફતે અથવા તો ઈ- વોટીંગ જો કદાચ સભ્યએ બન્ને પધ્ધિતએ મતદાન કર્યુ હશે તો, ઇ-વોટીંગથી કરેલ મતદાન યોગ્ય ગણાશે અને ફીઝીકલ પોસ્ટલ બેલેટથી કરેલું મતદાન અમાન્ય ગણાશે.

વધુ માહિતી માટે જવાબદાર વ્યક્તિનો સંપર્ક અથવા ઇલેક્ટ્રોનિક્સ વોટીંગ કે પોસ્ટ બેલેટ વોટીંગ સહિતની કોઈ પૂછપરછ કરવી હોય તો તેમનું સરનામુ નીચે મુજબ છે.

શ્રી રીતેન્દ્રસિંહ રાઠોડ, કંપની સેક્રેટરી, ફોન :૦૭૯-૨૩૨૪૨૦૫૨, ઇમેલ આઇડી: investor@umiyatubes.com.

બોર્ડના હુકમથી
વતી ઉમીયા ટ્યુબ્સ લિમિટેડ
સહી/-
બીના પી. વાઘેલા
ચેયરપર્સન એન્ડ ડિરેક્ટર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૯મી મે, ૨૦૧૮

ADINATH EXIM RESOURCES LIMITED

12A 3rd Floor, Abhishree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad- 380058, Gujarat
Ph.: 02717-298510 ; Fax: 02717-298520 ; E-mail: aerlnodalofficer@gmail.com ; Website:www.adinatheximresources.com ;
CIN: L51909GJ1995PLC024300

EXTRACT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON MARCH 31, 2018

(Rs. In Lacs except Per share data)

Sr. No	Particulars	Quarter Ended on 31.03.2018 (Audited)	Quarter ended on 31.03.2017 (Audited)	Year to date figures ended on 31.03.2018 (Audited)	Previous Year ended on 31.03.2017 (Audited)
1	Total Income from Operation(Net)	10.07	12.06	68.85	55.77
2	Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	5.08	4.49	44.06	32.00
3	Profit / (Loss) for the period after Exceptional (before tax and Extraordinary items)	5.08	4.49	44.06	32.00
4	Profit / (Loss) for the period after Exceptional and/or Extraordinary items (before tax)	5.08	4.49	44.06	32.00
5	Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	3.85	4.63	39.94	30.58
6	Equity Share Capital	410.41	410.41	410.41	410.41
7	Reserve (Excluding Revaluation Reserve as shown in the balance sheet of Previous Accounting Year)	0.00	0.00	337.03	297.08
8	Earning Per Share (before Extraordinary Items) (Face Value of Rs.10/- each)				
	(a) Basic:	0.09	0.11	0.97	0.75
	(b) Diluted:	0.09	0.11	0.96	0.75
9	Earning Per Share (after Extraordinary Items) (Face Value of Rs.10/- each)				
	(a) Basic:	0.09	0.11	0.97	0.75
	(b) Diluted:	0.09	0.11	0.96	0.75

Notes

1 The above is an extract of the detailed format of Audited Financial Results for the Quarter and Year ended on March 31, 2018 filled with Stock Exchange under Regulation 33 of SEBI (Listing Obligation and Disclosures Requiremenrts) Regulations, 2015. The full format of audited financial results of the Company for the Quarter and Year ended on March 31, 2018 are available on the Company's website www.adinatheximresources.com and website of the Stock Exchange www.bseindia.com

2 The above results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on May 04, 2018.

Date: 04.05.2018
Place: Ahmedabad

For, ADINATH EXIM RESOURCES LIMITED
Sd/-
Manoj S. Savla
Managing Director
DIN: 01529306

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com